# તા.૦૮.૦૯.૨૦૧૫ ના રોજ પંચમહાલ જીલ્લાનો ગોધરા ખાતે યોજાયેલ લોક દરબાર અંતર્ગત આવેલ પ્રશ્નો ની વિગત

| અનુ. નં | અરજદારનું નામ સરનામુ | પ્રશ્નની વિગત | ક્યાં ખાતા/કચેરી ને લાગુ પડે છે? | પાઠવેલ જવાબ | હાલની સ્થિતિ ની માહિતી તા.૨૦.૧૦.૧૫ |
|---|---|---|---|---|---|
| લોક દરબાર કાર્યક્રમ .તાલુકો :-ગોધરા જી.પંચમહાલ તારીખ :૦૮.૦૯.૨૦૧૫ | | | | | |
| ૧ | સરપંચશ્રી ગ્રામ પંચાયત એરંડી શ્રી બારીયા એન.સી. | મોજે ગામ એરંડી તા.ગોધરાના ભગત ફળીયામાં ૬૦ ઘરોમાં સંતરોડ સબ સ્ટેશનથી જ્યોતિગ્રામ યોજના હેઠળ ઘર વપરાશનું લાઇટ વર્ષોથી ઓછા વોલ્ટેજથી મળતું હોય તે અંગે | એમ.જી .વી.સી.એલ. સંતરોડ પેટા વિભાગીય કચેરી | સદર અરજદારની રજૂઆત તેમજ માનનીય ધારા સભ્યશ્રી મોરવા(હડફ) દ્વારા સદર બાબતની રજૂઆત તા.૨૬.૦૪.૨૦૧૨ ની અરજીને ધ્યાનમાં લઈ સંતરોડ પેટા વિભાગીય કચેરી દ્વારા સ્થળ મોજણી કરી તા.૨૩.૦૭.૨૦૧૨ રોજ સદર કામ અંગેની તાંત્રિક મંજૂરી મેળવેલ હતી. ત્યારબાદ અઠવાડીયાની અંદર વીજ લાઇન ઉભી કરવા માટેની કામગીરી કરવા જતાં ત્યાના રહીશો દ્વારા અડચણ ઊભી કરી કામગીરી થવા દીધેલ નથી. સરપંચશ્રી એરંડી દ્વારા લોકદરબારમાં સદર કામ માટે વે-લીવ ક્લીયરન્સ માટે બાહેંધરી આપતા પેટા વિભાગીય કચેરી દ્વારા તા. ૧૫-૯-૨૦૧૫ ના રોજ સદર વીજ લાઈન તેમજ ૨૫ કેવીએ નું ટ્રાન્સફોર્મર ઉભું કરી લો-વોલ્ટેજની ફરિયાદ નું નિવારણ કરેલ છે. | લો-વોલ્ટેજની ફરિયાદ નું નિવારણ કરેલ છે. |
| ૨. | કાસમ મો.હનીફ દૂરવેશ વહોરા ગ્રાઉન્ડ ગોધરા | નવીન વીજ કનેક્શન મેળવવા બાબત અને નિયમો હળવા કરવા વિનંતી | એમ.જી .વી.સી.એલ ગોધરા પશ્ચિમ પેટા વિભાગીય કચેરી | સદર અરજદારની રજૂઆત મુજબ નવીન વીજ કનેક્શન માટેના હાલના ટેક્નિકલ પરિપત્ર નં.૭૦ એમ.જી.વી.સી.એલ. /સીઇ(ટી.એન્ડ ઓ.)/ ૧૮૬૩ તા.૨૩.૦૭.૧૫ પ્રમાણે જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે તેમજ લોક દરબારમાં ચર્ચા થયા મુજબ તા.૦૯.૦૯.૨૦૧૫ના રોજ નવીન વીજ જોડાણ માટે જમીન/મકાનના જરૂરી દસ્તાવેજો લઈ અરજીનું રજિસ્ટ્રેશન કરાવેલ છે. જેથી સદર અરજદારની નવીન વીજ જોડાણ માટેની અરજીની નિયમોનુસારની કાર્યવાહી કરી અંદાજપત્રક ભરપાઈ થયેથી નિયત સમય મર્યાદામાં વીજ જોડાણ આપવામાં આવશે | તા. ૦૫.૧૦.૨૦૧૫ ના રોજ અરજદારને વીજ જોડાણ આપવામાં આવેલ છે. |
| ૩. | પ્રવિણભાઈ જયંતીભાઈ અહેમદ હાજી સરખા હીમતસિંહ વાઘરી અબ્દુલ રજાકભાઈ અબ્રાહમ પટેલના મુવાડા | લોડ વહેંચવા બાબતે | એમ.જી .વી.સી.એલ ગોધરા પશ્ચિમ પેટા વિભાગીય કચેરી | સદર અરજદારોની રજૂઆત મુજબ જરૂરી મોજણી કાર્ય કરી નવીન ટ્રાન્સફોર્મર ઊભું કરી લોડની વહેંચણી કરી ગ્રાહકોની ફરિયાદ નું નિવારણ કરવામાં આવશે અને સદર કામગીરી ત્રણ માસની સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. | સદર અરજદારોની રજૂઆત મુજબ જરૂરી મોજણી કાર્ય કરી નવીન ટ્રાન્સફોર્મર પ્રપોઝ કરેલ છે. જેનો ટી. એસ.નંબર જીસીડબલ્યુ / ટેક/૧૫૩૯/તારીખ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | ૨૧/૦૯/૨૦૧૫ છે. જેમાં એચ.ટી. લાઇન ૦.૩૦૦ કી.મી. તેમજ ૬૩ કેવીએ ના ટ્રાન્સફોર્મરની કામગીરીનો સમાવેશ થાય છે. જેની ટી. એસ.ની રકમ ૨,૪૯,૦૬૫.૦૦ થાય છે.સદર કામગીરી માહે ઓક્ટોબર-૨૦૧૫ ના અંત સુધીમાં પૂર્ણ કરી ગ્રાહકોની ફરિયાદ નું નિવારણ કરવામાં આવશે. |
| ૪. | નાયક રત્નાભાઈ બાપુભાઈ શાલીમાર હોટેલ પાછળ, ગોધરા. | થાંભલા ઊભા કરવાની કામગીરી પૂર્ણ કરી રેસિડેન્ટ સિંગલ ફેઝ કનેક્શન આપવા બાબત. | એમ.જી .વી.સી.એલ ગોધરા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી | સદર અરજદાર દ્વારા અત્રેની કચેરીએથી પાઠવવામા આવેલ રૂ.૧૦૧૬૧ નું અંદાજપત્ર તા.૦૫.૦૫.૨૦૧૫ ના રોજ ૬૫૬૩૫૫-૫૬ નંબરની પાવતીથી ભરપાઈ કરવામાં આવેલ હતા ત્યારબાદ અત્રેની કચેરીથી થાંભલા ઊભા કરવા જતાં નજીકના ઈસમ હાજી અબ્દુલ રહેમાન હાજી ઇબ્રાહિમ મદારી દ્વારા થાંભલા ઊભા કરવાની કામગીરી અટકાવી દીધેલ જેની જાણ અરજદારને ૨૬.૦૬.૨૦૧૫ ના રોજ પત્ર વ્યવહારથી કરવામાં આવેલ છે ત્યારબાદ પે.વિ. કચેરી દ્વારા વધારાનો પ્રયત્ન ૧૮.૦૮.૨૦૧૫ ના રોજ કરતા સામેવાળા વ્યક્તિ હાજી અબ્દુલ રહેમાન હાજી ઇબ્રાહિમ મદારી દ્વારા ફરીથી કામગીરી અટકાવી દેવામાં આવેલ છે જેની જાણ પણ અરજદાર ને ૨૫.૦૮.૨૦૧૫ ના રોજ કરેલ છે. ઉપરોક્ત હકીકત જોતાં અરજદાર શ્રી નાયક રત્નાભાઈ બાપુભાઈને ઘર વપરાશનું વીજ જોડાણ આપી શકાયું નથી. વધુમાં તેમને ફરીથી પ્રયત્ન કરી વે-લીવ માટે સહકાર આપવા જણાવેલ છે. | અરજદાર શ્રી નાયક રત્નાભાઈ બાપુભાઈને ઘર વપરાશનું વીજ જોડાણ આપી શકાયું નથી. વધુમાં તેમને ફરીથી પ્રયત્ન કરી વે-લીવ માટે સહકાર આપવા જણાવેલ છે. |
| ૫. | બારીયા અમરસિંહ મગનભાઇ ચંચોપારોડ,જૂના રેલ્વે ફાટક પાસે,<br>ગામ:-જાફરાબાદ પો. ગોવિંદી, તા.ગોધરા | ગોધરા ગ્રામ્ય ગ્રાહક નંબર: ૦૭૬૩૭/૦૦૭૩૪/૭ નું બિલ સુધારી આપવા બાબત<br>(માહે જૂન-જુલાઈ ૨૦૧૪ અને ઓગસ્ટ- સપ્ટેમ્બર ૨૦૧૪ ) | એમ.જી .વી.સી.એલ ગોધરા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી | સદર ગ્રાહકને માહે ડિસેમ્બર-જાન્યુઆરી ૨૦૧૪ , ફેબ્રુઆરી-માર્ચ ૨૦૧૪ અને એપ્રિલ-મે ૨૦૧૪ ના "૦" યુનિટ ના બિલ આપવામાં આવેલ હતા. જ્યારે માહે જૂન-જુલાઈ ૨૦૧૪ માં મિટર રીડર દ્વારા વીજ વપરાશ મુજબ ૬૨૦ યુનિટનું બિલ આપવામાં આવેલ હતું. જે અરજદાર દ્વારા ભરપાઈ કરવામાં આવેલ છે. ત્યારબાદ માહે ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૪ નું સિસ્ટમ દ્વારા હાયર સાઇડ નું ૬૨૦ યુનિટનું બિલ આપવામાં આવેલ છે અને જે પણ અરજદાર દ્વારા ભરપાઈ કરેલ છે. પરંતુ સદર અરજદારનું મિટર તા.૨૯.૦૮.૨૦૧૪ ના રોજ બદલાયેલ હતું અને બિલ | સદર અરજદારનું મિટર તા.૨૯.૦૮.૨૦૧૪ ના રોજ બદલાયેલ હતું અને બિલ બન્યા તારીખ સુધી ૧૯૬ યુનિટ વપરાયેલ હતા. જે ગ્રાહકે ૪૭ દિવસમાં વાપરેલ હતા. જેથી તેઓએ સરેરાશ ૫.૭૪ યુનિટ પ્રતી દિન લેખે વપરાશ કરેલ છે. તે પ્રમાણે ગણતરી કરતાં ૩૪૫ યુનિટ થાય. તેથી તેઓને ૨૭૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | બન્યા તારીખ સુધી ૧૯૬ યુનિટ વપરાયેલ. હતા. | યુનિટ ની ક્રેડિટ માહે ઓક્ટોમ્બર-૨૦૧૫ માં આપવામાં આવેલ છે. |
| ૬. | તાહેરાબીબી એમ. દાંત.<br>મુ.પો. હમીરપુર,<br>તા.ગોધરા | ખેતી વિષયક સૌર ઉર્જા સિંચાઇ પમ્પ માટેની રજૂઆત | એમ.જી .વી.સી.એલ ગોધરા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી | સદર અરજદાર દ્વારા તારીખ ૩૧.૦૮.૨૦૧૫ ના રોજ રૂ. ૧૦૦૦/- ભરી સૌર ઉર્જા સિંચાઇ પમ્પ મેળવવા માટેની અરજી કરેલ છે તેથી અત્રેની કચેરી દ્વારા સર્વે કરી અંદાજપત્ર ભરાવીને કંપનીના નિયમાનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે એવું જણાવેલ છે. | સદર અરજદાર દ્વારા તારીખ ૩૧.૦૮.૨૦૧૫ ના રોજ રૂ. ૧૦૦૦/- ભરી સૌર ઉર્જા સિંચાઇ પમ્પ મેળવવા માટેની અરજી કરેલ હતી. અત્રેની કચેરી દ્વારા સર્વે કરી અંદાજપત્રક આપવામાં આવેલ હતું. જે તારીખ ૧૧/૦૯/૨૦૧૫ ના રોજ ભરપાઈ થયેલ છે. જેની વિગત કોર્પોરેટ કચેરીને જરૂરી કાર્યવાહી માટે જણાવેલ છે. |
| ૭. | શ્રી ચન્દ્રસિંહજી મથુરસિંહજી ચૌહાણ. “રાજમહેર” ૧૩/૧૪ નિજાનંદ નગર, એફ.સી.આઇ ગોડાઉનની બાજુમાં સાંપારોડ, ગોધરા | અરજદારની તા.૦૧.૦૭.૨૦૧૫ની લેખિત રજૂઆત મુજબ ગોધરા શહેરની નિજાનંદ સોસાયટી, સાંપારોડ ખાતે ”રાજ મહેર” બંગલા પાસેના એલ.ટી. ના પોલ થી ખાનગી પ્લોટ ઉપરથી લાઇન ખેચી વીજ જોડાણો આપેલા છે તેમજ સદર પોલ નમી ગયેલ છે તેમજ વીજ જોડાણની સર્વિસ વાયરને સપોર્ટ આપવા માટેના તાર ઉપર રબ્બરની ગરઘડી નાખવા સામેની રજૂઆતમાથી પહેલી રજૂઆતમાં કંપની તરફથી ભેદી મોન સેવવામાં આવેલ છે અને બીજી રજૂઆતમાં નવીન પોલ ઊભો કરેલ છે પરંતુ બદલેલ જૂનો પોલ હટાવેલ નથી જ્યારે ત્રીજી રજૂઆત મુજબ બદલેલ સર્વિસ વાયરમાં રીલ/એગ ઇન્સ્યુલેટર નાખવામાં આવેલ નથી. | એમ.જી .વી.સી.એલ ગોધરા પૂર્વ પેટા વિભાગીય કચેરી | સદર ગ્રાહકની તા.૦૧.૦૭.૨૦૧૫ ની રજૂઆત મુજબ પે.વિ. કચેરી દ્વારા તા.૧૬.૦૭.૨૦૧૫ ના રોજ જૂના પોલની જગ્યાએ નવીન પોલ ઊભો કરી તેમજ તેમની સર્વિસ લાઇન બદલવામાં આવેલ હતી પરંતુ જૂનો પોલ હટાવવામાં આવેલ ન હતો તેમજ બદલેલ સર્વિસ વાયરમાં રીલ/એગ ઇન્સ્યુલેટર પે.વિ. કચેરીએ હયાત ન હોઈ લગાડેલ નહોતા. જે કામગીરી તા.૦૮.૦૯.૨૦૧૫ ના રોજ જૂનો પોલ સદર જગ્યાએથી હટાવી દીધેલ છે. તેમજ સર્વિસ વાયરમાં રીલ/એગ ઇન્સ્યુલેટર નાખીને ફરિયાદ દૂરસ્ત કરેલ છે અને તેની જાણ અરજદારને પત્ર થી કરેલ છે. | તા.૦૮.૦૯.૨૦૧૫ ના રોજ જૂનો પોલ સદર જગ્યાએથી હટાવી દીધેલ છે. તેમજ સર્વિસ વાયરમાં રીલ/એગ ઇન્સ્યુલેટર નાખીને ફરિયાદ દૂરસ્ત કરેલ છે અને તેની જાણ અરજદારને પત્ર થી કરેલ છે. |

# લોક દરબારના કાર્યક્રમ દરમિયાન માંન. ધારાસભ્યશ્રી – મોરવા(હડપ) તાલુકા દ્વારા રજુ કરેલ પ્રશ્ન.

## લોક દરબાર કાર્યક્રમ .તાલુકો :-ગોધરા જી.પંચમહાલ તારીખ :૦૮.૦૯.૨૦૧૫

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮. | માન. ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન.એમ. સુથાર –મોરવા (હ) ગામ: ગોલ્લાવ તા.ગોધરા | દેવગઢ બારિયા<br>(૧) ગોલ્લાવ ગામના તળાવ મુવાડા ફળિયામાં ઘર-વપરાશના મીટરો મુકેલ ના હોવા છતાય વીજ બિલ મળવા નિ રજૂઆત.<br>(૨) ગોલ્લાવ ગામમાં લો-વોલ્ટેજ માટેની રજૂઆત. | એમ.જી .વી.સી.એલ દેવગઢ બારિયા પેટા વિભાગીય કચેરી | સદર રજૂઆત દાહોદ વિભાગીય કચેરી ના તાબા હેઠળ આવેલ દેવગઢ બારિયા પેટા વિભાગીય કચેરી ના કાર્યક્ષેત્ર મા આવતું હોઈ, જરૂરી કાર્યવાહી માટે દાહોદ વિભાગીય કચેરી તેમજ દેવગઢ બારિયા પેટા વિભાગીય કચેરીને મોકલી આપેલ છે. | ગામ ગોલ્લાવ તા: ગોધરાના માં રાજીવ ગાંધી ગ્રામીણ ગ્રામ જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો આપવાનું આયોજન કરેલ હતું જે પૈકી આશરે ૧૦૪ ઘરોમાં વીજ જોડાણો સદર યોજના હેઠળ આપેલ નથી તેમ છતાં વીજળી વપરાશના બિલ આપવામાં આવેલ છે જે અંગે ની તપાસ સોંપાયેલ છે અને આવા બિલો બંધ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ તપાસ પુરી થયે થી સદર આપેલ ખોટા બિલો ની રકમ રદ્દ કરવામાં આવશે. ગોલ્લાવ ગામ ના વિજજોડાણો થી વંચિતરહેલા ગ્રામજનો ને ઘરવપરાશ ના વિજ જોડાણો માટે જરૂરી નિયત ફોર્મ અને મકાન ના પુરાવા મેળવી.વિજ જોડાણો આપવાની કાર્યવાહી કરવામાં આવશે. |

| |
|---|
| **લોક દરબાર કાર્યક્રમ .તાલુકો :-શહેરા જી.પંચમહાલ તારીખ :૦૮.૦૯.૨૦૧૫** |
| વીજળીને લગતા કોઈ પ્રશ્ન રજુ કરેલ નથી. |
| **લોક દરબાર કાર્યક્રમ.તાલુકો :-હાલોલ જી.પંચમહાલ તારીખ :૦૮.૦૯.૨૦૧૫** |
| વીજળીને લગતા કોઈ પ્રશ્ન રજુ કરેલ નથી. |
| **લોક દરબાર કાર્યક્રમ.તાલુકો :-મોરવા(હ) જી.પંચમહાલ તારીખ :૦૮.૦૯.૨૦૧૫** |
| વીજળીને લગતા કોઈ પ્રશ્ન રજુ કરેલ નથી. |
| **લોક દરબાર કાર્યક્રમ.તાલુકો :-જાંબુઘોડા જી.પંચમહાલ તારીખ :૦૮.૦૯.૨૦૧૫** |
| વીજળીને લગતા કોઈ પ્રશ્ન રજુ કરેલ નથી. |

| |
|---|
| લોક દરબાર  કાર્યક્રમ .તાલુકો :-કાલોલ જી.પંચમહાલ તારીખ :૦૮.૦૯.૨૦૧૫ |
| વીજળીને લગતા કોઈ પ્રશ્ન રજુ કરેલ નથી. |
| લોક દરબાર  કાર્યક્રમ .તાલુકો :-ઘોઘંબા જી.પંચમહાલ તારીખ :૦૮.૦૯.૨૦૧૫ |
| વીજળીને લગતા કોઈ પ્રશ્ન રજુ કરેલ નથી. |